ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

પંચમહાલ-દાહોદ

શનિવાર ૨ ઓગસ્ટ, ૨૦૨૫

દાહોદ કાર્યાલય : સોનીવાડ, રાધાકૃષ્ણ મંદિર પાસે, દાહોદ. ફોન નં. 02673-243785

શહેરા પોલીસે ગણતરીના કલાકોમાં જ ઝડપી કાર્યવાહી કરી કેસમાં સંડોવાયેલા આરોપીઓની ધરપકડ કરી

પ્રેમસંબંધ મામલે યુવક યુવતીને માર મારવાનો વીડિયો વાયરલ, શહેરા પોલીસે 10 આરોપીને ઝડપી પાડ્યા

બે યુવકોને ઝાડ સાથે બાંધીને માર મારવામાં આવ્યો હોવાનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો

(પ્રતિનિધી) ગોધરા તા.01

પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકાના તાડવા ગામે પ્રેમસંબંધના કારણે બે યુવકોને ઝાડ સાથે બાંધીને માર મારવામાં આવ્યો હોવાનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. આ વીડિયોમાં યુવતીઓને પણ માર મારવામાં આવતો હોવાનું સ્પષ્ટ દેખાઈ રહ્યું હતું. આ મામલાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને પંચમહાલ ગોધરા રેન્જના પોલીસ મહાનિરીક્ષક આર.વી. અસારી અને પંચમહાલ ગોધરાના પોલીસ અધિક્ષક હિમાંશુ સોલંકીએ તાત્કાલિક કાર્યવાહી કરવાના આદેશ આપ્યા હતા.

પ્રાથમિક તપાસમાં સામે આવ્યું કે આ ઘટના શહેરા પોલીસ સ્ટેશન વિસ્તારના તાડવા ગામે બની હતી. વાયરલ વીડિયોમાં દેખાતા યુવકોની ઓળખ રયજીભાઈ ઉર્ફે રયલો પુનાભાઈ નાયક અને પિન્ટુ ભલાભાઈ નાયક બંને રહે. મીઠાપુર, તા. શહેરા તરીકે થઈ હતી. રયજીભાઈએ શહેરા પોલીસ સ્ટેશનમાં આવી પોતાની ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદમાં જણાવાયું હતું કે, રયજીભાઈ અને સાહેદનો વીડિયોમાં દેખાતી બે યુવતીઓ સાથે પ્રેમસંબંધ હતો અને તેઓ ઘરેથી ભાગીને મહેમદાવાદ, ખેડા ખાતે મજૂરી કરવા ગયા હતા. આ વાતની જાણ થતાં બંને યુવતીઓના સંબંધીઓ અર્જુનભાઈ ગોરાભાઈ નાયક ગામ તાડવા, ઈશ્વરભાઈ છગનભાઈ નાયક ગામ દરૂણીયા, મહેશભાઈ દેવાભાઈ નાયક ગામ મીઠાપુર અને તાડવા ગામના દસેક જેટલા અન્ય લોકો ઈકો ગાડી નંબર GJ-23 BL 3150 લઈને મહેમદાવાદ પહોંચ્યા હતા. ત્યાંથી તેઓએ બળજબરીપૂર્વક યુવક-યુવતીઓને ગાડીમાં ખેંચીને તાડવા ગામે લાવવામાં હતા.

તાડવા ગામે પહોંચ્યા બાદ તેમને આંબલીના ઝાડ સાથે દોરડાથી બાંધીને અપશબ્દો બોલવામાં આવ્યા હતા. સાથે તેમને ગડદાપાટુ અને લાકડાના ડંડા વડે બેફામ માર મારવામાં આવ્યો હતો. આ ઉપરાંત, તેમને જાનથી મારી નાખવાની ધમકીઓ પણ આપવામાં આવી હતી અને આ સમગ્ર ઘટનાનો વીડિયો પણ બનાવવામાં આવ્યો હતો.

શહેરા પોલીસે આ બનાવ અંગે ગુનો નોંધી ગણતરીના કલાકોમાં જ ઝડપી કાર્યવાહી કરીને આ કેસમાં સંડોવાયેલા કુલ ૧૦ આરોપીઓની ધરપકડ કરી છે. ગુનામાં વપરાયેલી ઈકો ગાડી નંબર GJ-23 BL 3150 પણ પોલીસે કબજે કરવામાં આવી છે.

લીમખેડા તાલુકાના ચીલાકોટા ગ્રામ પંચાયત કચેરીનો બનાવ

જન્મના દાખલા કાઢી આપતો કોમ્પ્યુટર ઓપરેટર રૂ. 1 હજારની લાંચ લેતાં ઝડપાયો

કોમ્પ્યુટર ઓપરેટરે અરજદારીને અપ્રાપ્ય ફોર્મ નંબર-10 પણ ભરી આપ્યું

(પ્રતિનિધી) દાહોદ તા.૦૧

દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકાના ચીલાકોટા ગ્રામ પંચાયતમાં જન્મના દાખલા કાઢી આપતો એક કોમ્પ્યુટર ઓપરેટર અરજદાર પાસેથી રૂપીયા એક હજારની લાંચ લેતાં પંચમહાલ એસીબીના હાથે રંગેહાથ ઝડપાઈ જતાં જિલ્લાની ગ્રામ પંચાયત આલમમાં ચકચાર સાથે ખળભળાટ મચી જવા પામ્યો છે.

દાહોદ જિલ્લામાં છેલ્લા ઘણા સમયથી ભ્રષ્ટાચારે માઝા મુકી છે. જાણે તમામ સરકારી કચેરીઓથી લઈ પંચાયતોમાં નાણાં વગર કામ થતું ન હોવાના ખુદ અરજદારો દ્વારા આક્ષેપો પણ કરતાં આવી રહ્યાં છે. આવા સમયે લીમખેડાના ચીલાકોટા ગ્રામ પંચાયત કચેરી ખાતે આજરોજ એક અરજદારને પોતાની દીકરીઓના શાળા તરફથી આધારકાર્ડ કઢાવવા ફરજીયાત હોઈ અને તેમાં જન્મના દાખલાની જરૂર હોઈ આ માટે દીકરીઓના પિતા જન્મના દાખલા લેવા માટે ચીલાકોટા ગ્રામ પંચાયત કચેરી ખાતે પહોંચ્યાં હતાં. જ્યાં મામલતદાર કચેરીમાંથી દાખલો મેળવવાની કાર્યવાહી કરવા કચેરીમાં કોમ્પ્યુટર ઓપરેટર તરીકે ફરજ બજાવતો સોલંકી દિનેશભાઈ માધુભાઈ (રહે. ચીલાકોટા, તા.લીમખેડા,) એ અપ્રાપ્ય ફોર્મ નંબર-૧૦ ભરી આપ્યું હતું અને તે માટે દીકરીઓના પિતા પાસેથી રૂપીયા એક હજાર નક્કી કરી આ એક હજારની લાંચની માંગણી કરી હતી. આ લાંચની રકમ પિતા આપવા માંગતા ન હોય જેથી પિતાએ એસીબી પોલીસનો સંપર્ક સાંધ્યો હતો

આજરોજ પંચમહાલ એસીબી કચેરીના ટ્રેપીંગ અધિકારી એચ.પી. કરેણ અને તેમની ટીમે લીમખેડાના ચીલાકોટા ગ્રામ પંચાયત કચેરી ખાતે લાંચનું છટકુ ગોઠવ્યું હતું. કોમ્પ્યુટર ઓપરેટર સોલંકી દિનેશ દીકરીઓના પિતા પાસેથી લાંચની એક હજારની રકમ લેતાં પંચમહાલ એસીબીના હાથે રંગેહાથ ઝડપાઈ ગયા હતા.

સંક્ષિપ્ત સમાચાર

ફતેપુરા પોલીસ સ્ટેશન ખાતે રેન્જ IGની અધ્યક્ષતામાં લોક દરબાર યોજાયો

સુખસર: ફતેપુરા પોલીસ સ્ટેશન ખાતે ગુરુવારે 11:00 કલાકે પંચમહાલ જિલ્લા રેન્જ આઇ.જી આર.વી અસારીની અધ્યક્ષતામાં લોક દરબાર યોજાયો હતો. આ લોક દરબારમાં ફતેપુરા તાલુકાના આજુબાજુના વિસ્તારના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને પોતાની રજૂઆતો જાહેરમાં તેમજ વ્યક્તિગત રીતે આઇ.જી સમક્ષ કરી હતી. બારસાલેડા ગામના મેહુલભાઈ તાવિયાડ દ્વારા રજૂઆત કરતા જણાવ્યું હતું કે, આદિવાસી બહુલ ઘરાવતા દાહોદ પંચમહાલ મહીસાગર જેવા જિલ્લાઓમાં દારૂબંધી ઉપર કડક કાર્યવાહી કરવામાં આવે તો ફતેપુરા નગરના રોડ રસ્તા,ગટર,ગંદકી જેવા મુદ્દાઓને લઈને પણ ચર્ચા કરવામાં આવી હતી.સરસવા પૂર્વ ગ્રામ પંચાયતના સરપંચ દ્વારા બલૈયા ગામે નવીન પોલીસ સ્ટેશન માટેની રજૂઆત કરી હતી.

શેઠ પી.ટી. આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ દ્વારા સરકારી યોજનાઓ વિશે વર્કશોપ

ગોધરા : ભારત સરકારના યુવા કાર્ય અને ખેલકૂદ મંત્રાલય અંતર્ગત 'મેરા યુવા ભારત ગોધરા' અને શેઠ પી.ટી. આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, ગોધરાના સંયુક્ત ઉપક્રમે "વર્કશોપ ઓન ફ્લેગશિપ સ્કીમ" નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય યુવા ભાઈ-બહેનોને સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓ વિશે વિસ્તૃત માહિતી આપવાનો હતો. વર્કશોપ દરમિયાન, ઉપસ્થિત મહાનુભાવો દ્વારા યુવાનોને સરકારી યોજનાઓનો લાભ લેવા માટે જરૂરી આધાર પુરાવાઓ અને ઓનલાઈન વેબસાઈટ પર રજીસ્ટ્રેશન કરવાની પ્રક્રિયા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. યુવાનોને આ યોજનાઓનો મહત્તમ લાભ લેવા માટે પણ અપીલ કરવામાં આવી હતી. આ વર્કશોપ બાદ "એક પેડ માં કે નામ" અભિયાન અંતર્ગત કોલેજ કેમ્પસમાં વૃક્ષારોપણ કાર્યક્રમ પણ યોજવામાં આવ્યો હતો.

શહેરા મામલતદાર કચેરીમાં ના.મામલતદાર રામાભાઈ તાવિયાડનો વિદાય સમારંભ યોજાયો

ગોધરા : શહેરા મામલતદાર કચેરી ખાતે પુરવઠા નાયબ મામલતદાર તરીકે ફરજ બજાવતા રામાભાઈ હાલૂભાઈ તાવિયાડનો વિદાય આયોજિત કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે મામલતદાર કચેરીના અધિકારીઓ અને કર્મચારીઓએ ભાવુક મને તેમને વિદાય આપી અને તેમની લાંબી સરકારી સેવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો.આ વિદાય સમારંભમાં શહેરાના મામલતદાર ધર્મેન્દ્ર પટેલ ઉપસ્થિત રહ્યા હતા. તેમની સાથે પ્રાંત કચેરીના અધિકારીઓ અને કર્મચારીઓ તેમજ પુરવઠા વિભાગના સમગ્ર સ્ટાફગણે હાજરી આપી હતી.કાર્યક્રમ દરમિયાન, ઉપસ્થિત સૌ અધિકારીઓ અને કર્મચારીઓએ રામાભાઈ તાવિયાડે સરકારી સેવાઓમાં આપેલા અમૂલ્ય યોગદાન અને તેમની કર્મનિષ્ઠાને યાદ કરી હતી. આ વિદાય સમારંભમાં સૌએ રામાભાઈને શુભેચ્છાઓ આપી અને તેમની સેવાઓ બદલ આભાર વ્યક્ત કર્યો હતો. આ ભાવુક પ્રસંગે રામાભાઈએ પણ ઉપસ્થિત સૌનો આભાર માન્યો હતો અને પોતાની સેવા દરમિયાન મળેલા સહકારને યાદ કર્યો હતો.

વિદેશી દારૂ લઈ જતી કાર સાથે હાલોલ રુરલ પોલીસે 1 ઈસમને ઝડપી પાડ્યો

(પ્રતિનિધી) હાલોલ.1.

હાલોલ ટીંબી ત્રણ રસ્તા પાસે પાવાગઢ તરફથી આવતી થાર ગાડીમાં પોલીસે તપાસ કરતા ગાડીમાંથી દારૂના બિયરના ટીન નંગ 432 જેની કિંમત 95040 એક એપલ મોબાઇલ જેની કિંમત 20,000 રૂપિયા અને એક મહિન્દ્રા થાર ગાડી GJO6 PL 9292 જેની કિંમત 10 લાખ આમ કુલ મળીને 11,15,040 રૂપિયાનો મુદ્દા માલ સાથે એક આરોપી શિવાંગ વિજયભાઈ ઉપાધ્યાય રહેવાસી ગામ કરચિયા દશરથ ફળિયુ જીલ્લો વડોદરા ને ઝડપી લીધો હતો તેમજ સાહિલ રાઠવા રહેવાસી ખોડીયાર નગર સમા વડોદરા અને આયુષ રાજુભાઈ રાઠવા રહેવાસી ઉંચાપન ગામ તાલુકો બોડેલી ના આવો સ્થળ ઉપરથી ભાગી છૂટ્યા હતા જ્યારે રોહિતભાઈ અને કાંગારુ ભરવાડ બંને રહેવાસી સમા ખોડીયાર નગર વડોદરા નાઓ હાજર નહીં મળી આવતા પોલીસે ઝડપાયેલો એક ઈસમ અને અન્ય ચાર ઈસમો સામે પ્રોહીબિશનનો ગુનો નોધી પોલીસે બાકીના ભાગી છૂટેલા ઈસમોને પકડવાની તજવીજ હાથ ધરી છે.

પશુ અધિનિયમ હેઠળના ગુનામાં વોન્ટેડ આરોપી ઈસ્માઈલ ઝડપાયો

(પ્રતિનિધી) ગોધરા તા.01

પંચમહાલ-ગોધરા પેરોલ ફર્લો સ્કવોર્ડના પોલીસ સ્ટેશન ઈન્સ્પેકટર બી.એમ. રાઠોડની ટીમે ગોધરા શહેર બી ડિવિઝન પોલીસ સ્ટેશનના પશુ અધિનિયમ હેઠળના ગુનામાં વોન્ટેડ આરોપીને ઝડપી પાડ્યો. પેરોલ ફર્લો સ્કવોર્ડના એ.એસ.આઈ. રૂપસિંહ કલાભાઈને હ્યુમન સોર્સિસ દ્વારા ચોક્કસ બાતમી મળી હતી કે, વોન્ટેડ આરોપી ઈસ્માઈલ યાકુબ બોકડા રહે. રહેમતનગર ઉર્દુ સ્કૂલની પાછળ, ગોધરા હાલ તેના ઘરે હાજર છે. જેથી પોલીસે તપાસ હાથ ધરી આરોપીને રહેમતનગર ઉર્દુ સ્કૂલની પાછળ ગોધરા ખાતેથી ઝડપી પાડ્યો હતો. આરોપીની અટકાયત કરીને ગોધરા શહેર બી ડિવિઝન પોલીસ સ્ટેશનને સોંપ્યો છે.

પાનમ હાઈ લેવલ આધારિત સિંચાઈ સુવિધા અને મુખ્ય કેનાલની સુધારણા જરૂરી

સિંચાઈ સુવિધા આપવા ગોધરાના ધારાસભ્ય સી.કે.રાઉલજી દ્વારા CMને રજૂઆત કરાઈ

જો મંજૂરી મળે તો અંદાજિત ૨૭૦૦૦ હેક્ટર વિસ્તાર માં સિંચાઈનું પાણી મળે

(પ્રતિનિધી) ગોધરા તા.01

ગોધરાના ધારાભ્ય સી કે રાઉલજી દ્વારા જિલ્લાના ખેડૂતોને નર્મદા મુખ્ય કેનાલ તથા પાનમ હાઈ લેવલ આધારિત સિંચાઈ સુવિધા અને મુખ્ય કેનાલની સુધારણાની મુખ્યમંત્રી, ગુજરાત સરકારને રજૂઆત કરવામાં આવી છે.

પંચમહાલ જિલ્લા અને ગોધરા તાલુકાના ખેડૂતોને સિંચાઈ માટેનું પાણી આપવાની યોજનાઓ અને પાનમ નહેર, હાઈ લેવલ કેનાલ સહિત નર્મદા મુખ્ય કેનાલ આધારિત સિંચાઈ યોજનાઓ માટે ધારાસભ્ય ગોધરા દ્વારા વિભાગમાં અને સરકારમાં ભલામણ કરાઈ હતી. જેઓની રજૂઆત અને ભલામણ અન્યે સબંધિત કચેરીઓએ સર્વે કરી અંદાજો બનાવી સરકાર હસ્તકના વિભાગોમાં મોકલી આપી હતી. પંચમહાલ અને વડોદરા જિલ્લાના ખેડૂતોને નર્મદા નહેરમાંથી પાનમ મુખ્ય નહેરમાં પાણી નાખવા માટે પંચમહાલ જિલ્લાના તળાવો અને જળાશયો ભરવાની યોજના માટે સરદાર સરોવર નિગમ હસ્તકની નર્મદા મુખ્ય નહેર મારફતે રત્નેશ્વર થી હડફ ડેમ અને રત્નેશ્વર થી પાનમ મુખ્ય નહેરથી ગોધરા તાલુકા સહિત પંચમહાલ જીલ્લાના જુદા જુદા તળાવો ભરવા નર્મદા મુખ્ય કેનાલમાંથી ૨૫૦ એમ. સી એમ પાણીનો જથ્થો ઉપાડવાની મજૂરી આપવાથી અંદાજિત ૨૭૦૦૦ હેક્ટર વિસ્તાર માં સિંચાઈનું પાણી મળી શકે તેમ છે. પંચમહાલ જીલ્લો મુખ્ય પાનમ મુખ્ય નહેર પર આધાર રાખે છે. પાનમ મુખ્ય નહેરની કમાન્ડ વિસ્તાર માં કોપીંગ પેટર્ન બદલાઇ જવાથી હાલ માં છેવાડા વિસ્તારને સિંચાઇ સુવિધા પુરી પાડવામાં મુશ્કેલી સર્જાય છે.

પાવાગઢથી ડાકોર પગપાળા સંઘનું આયોજન

(પ્રતિનિધી) પાવાગઢ તા.01

યાત્રાધામ પાવાગઢ તળેટીનાં સંત હમીરબાપુની સમાધી થી દર શ્રાવણ સુદ એકાદશી એ તેમના બહોળા ભક્ત સમુદાય દ્વારા પાવાગઢ થી ડાકોર પગપાળા સંઘનું આયોજન શિવરાજપુર, પાવાગઢ અને આજુબાજુ ગામો નાં ભક્તો દ્વારા સતત થતું રહે છે આગમી તા. ૫ /૮/૨૦૨૫ ને મંગળવાર ના રોજ શ્રાવણ સુદ દસમ (અગિયારસ)નાં રોજ હમીર બાપુ(ચારણ બાપુ) પ્રેરિત પગપાળા યાત્રા સંઘનું આ પ૩મું વર્ષ છે શિવરાજપુર અને પાવાગઢના બાપુના ભક્ત જનો પાવાગઢ સ્થિત બાપુની સમાધીથી મોટી સંખ્યામાં હેમાભગત (ચારણ બાપુ) નાં ભક્તોને જોડાવા તેમના અનુયાયીઓએ અનુરોધ કરેલ છે આ પગપાળા સંઘ પાવાગઢ થી 5 ઓગષ્ટે સવારે નિકળશે.

મૃતકના પરિવારજનો દ્વારા હત્યાનો આક્ષેપો, પીએમ કરાવી વધુ તપાસ હાથ ધરાશે

હાલોલના વાઘવાણી ગામે પારિવારિક ઝગડો મારામારીમાં ફેરવાયો, 1નું મોત

(પ્રતિનિધી) હાલોલ તા.૦૧

હાલોલ તાલુકાના વાઘવાણી ગામે ગત રાતે પારિવારિક ઝગડો મારા મારી ફેરવાયો હતો. જેમાં એક ઈસમનું સારવાર દરમ્યાન મોત નિપજ્યું હતું. મૃતકના પરિવારજનો દ્વારા હત્યાના આક્ષેપો કરતા હાલોલ ગ્રામ્ય પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી હાલોલ રેફરલ હોસ્પિટલ ખાતે પેનલ ડોક્ટર દ્વારા પીએમ કરાવી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ વર્તુળ દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ હાલોલ તાલુકાના વાઘવાણી ગામે ગત ગુરુવારે રાત્રે ગામ માં રહેતા દિલીપસિંહ માધવસિંહ પરમાર પોતાના ઘરે હતા. ત્યારે તેમના કુટુંબી પ્રવીણસિંહ ઉદેસિંહ, તેમજ તેમનો પુત્ર અલ્પેશ પ્રવિણસિંહ અને અલ્પેશનો સાળો રાજેન્દ્રસિંહ દિલીપસિંહના ઘરે જઈ માં બેનની ગાળો બોલી બોલાચાલી ઝગડો કરી ઝપાઝપી કરતા સામાન્ય બોલાચાલી માંથી ઝગડો ઉગ્ર બની જતા આરોપીઓએ દિલીપસિંહ ને છાતીના ભાગે ગેબી માર મારતા દિલીપસિંહ નીચે પડી ગયા હતા. ઝગડાને લઈ ગામ લોકો દોડી આવ્યા હતા. અને ત્યારબાદ તેમને સારવાર અર્થે હાલોલ ખાનગી હોસ્પિટલમાં લાઈગયા હતા. ત્યારબાદ તેઓ ને હાલોલ હાલોલ રેફરલ હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ પરના ડોક્ટરે તેઓને મૃત જાહેર કર્યા હતા. ઝગડામાં આરોપીઓએ ઘરમાં ઘુસી લોખંડની પાઈપ અને સળીયા થી માર મારતા તેઓ ઈજાગ્રત થયા હતા.

સાતકુંડા ગામે બંધ ઘરમાંથી 1.95 લાખની મતાની ચોરી

પોલીસે ઘરફોડ ચોરીનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી

(પ્રતિનિધી) દાહોદ તા.૦૧

દેવગઢબારિયા તાલુકાના સાતકુંડા ગામે મંદિર ફળિયામાં ગત રાતે ત્રાટકેલા તસ્કરોએ મંદિર ફળિયામાં રહેતા ધનંજય ભુપેન્દ્રસિંહ ચૌહાણ નામના ખાનગી નોકરી કરતા વ્યક્તિના બંધ મકાનને નિશાન બનાવ્યું હતું અને ઘરના મુખ્ય દરવાજે મારેલ તાળું કોઈ સાધન વડે નકુચા સાથે તોડી નાખી તસ્કરો ઘરમાં પ્રવેશ્યા હતા. અને ઘરમાં મુકેલ તિજોરીના ડ્રોવરમાંથી સોનાના દાગીના જેવા કે આશરે ૫૫ ગ્રામ વજનનો સોનાનો જુનો સેટ, આશરે ૫૦ ગ્રામ વજનનો સોનાનો સેટ, આશરે ૮૦ ગ્રામ વજનના સોનાના પાટલા નંગ-૪, આશરે ૮૦ ગ્રામ વજનની સોનાની બંગડીઓ નંગ-૪, આશરે ૫૦ ગ્રામ વજનના સોનાના જુના લોકીટ નંગ-૨, આશરે ૩૦ ગ્રામ વજનનું સોનાનું જૂનું મંગળસૂત્ર તથા આશરે ૨૦ ગ્રામ કુલ વજનની સોનાની જૂની વીંટી નંગ-૪ મળી ૩૫૫ ગ્રામ કુલ વજનના રૂપિયા ૧,૯૫,૦૦૦/-ની કુલ કિંમતના સોનાના નવા-જૂના દાગીના ચોરીને તસ્કરો ફરાર થઈ ગયા હતા.આ સંબંધે સાત કુંડા ગામે મંદિર ફળિયામાં રહેતા ઘરધણી ધનંજય ભુપેન્દ્રસિંહ ચૌહાણે સાગટાળા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આ સંદર્ભે ઘરફોડ ચોરીનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી ડોગ સ્કવોડ તથા એફએસએલ ની મદદની માગણી કરી છે.

ગરબાડામાં BHMS ડોક્ટર તુષાર ડામોરનો કાળો કારનામો

આરોગ્ય તંત્ર દ્વારા દરોડા કે નોટિસ આપવામાં આવી નથી, જે તંત્રની નિષ્ફળતા દર્શાવે છે

(પ્રતિનિધી) ગરબાડા, તા.1

ગરબાડા ગ્રામ્ય વિસ્તારમાં સારવારના અભાવે લોકો દવાખાનાઓનો આશરો લે છે, પણ જયારે ડોક્ટરજ જાતે કાયદાની ભાંગફોડ કરીને જીવન સાથે રમત રમે ત્યારે એ માનવતાના નામે કાળાં બટકાં છે. ગરબાડાના શિવનગર વિસ્તારમાં આવેલી જલારામ ક્લિનિકમાં BHMS ડોક્ટર તરીકે કામગીરી કરતા તુષાર ડામોર દ્વારા ગેરકાયદેસર રીતે એલોપેથી દવાઓ આપીને, ડ્રીપ બોટલો ચડાવી, ઈન્જેક્શન આપી અને એન્ટીબાયોટિક જેવી દવાઓનો જથ્થો રાખી, ખુલ્લેઆમ કાયદાનું ભંગ કરવામાં આવી રહ્યું છે.

અંતે માંગણી કરવામાં આવી છે કે તુષાર ડામોર વિરુદ્ધ તાત્કાલિક તપાસ હાથ ધરવામાં આવે, દવાખાનાની દરોડા દ્વારા દવાઓનું કબજે કરવામાં આવે, ફરિયાદ નોંધાવી તેને કાયદા મુજબ અટક કરવામાં આવે.

કોળીવાડામાં મસ્જિદ પાસે મકાનમાંથી ગૌમાંસ પકડાયું

(પ્રતિનિધી) દાહોદ તા.૦૧

કોળીવાડા વિસ્તારમા મસ્જિદ પાસે એક મકાનમાં ગૌમાંસ વેચાતું હોવાની બાતમીના આધારે ઝાલોદ પોલીસના પી.આઈ ગૌરવ ગામીતે તપાસ કરતા અંદાજીત 12 કિલો માંસ કિંમત 2400 મળી આવેલ હતો. પોલીસે આ માસ ગૌમાંસ છે કે નહીં તેની તપાસ કરવા માસનું સેમ્પલ સુરત એફએસએલ કચેરી ખાતે મોકલયું હતું 30-07-2025 ના રોજ એફ.એસ.એલનો રિપોર્ટ આવતાં ઝાલોદ પોલીસે કતલખાનુ ચલાવનાર અલ્તાફ મહંમદ મોઢીયાની અટકાયત કરી કાર્યવાહી હાથ ધરી છે.

સંજેલી તાલુકામાં શિક્ષણ વિભાગમાં ભ્રષ્ટાચાર હોવાના આક્ષેપથી ચકચાર

(પ્રતિનિધિ) દાહોદ, તા.1

સંજેલી તાલુકામાં શિક્ષણ ખાતામાં મોટા પાયે લોલમલોલ ની પોલ ચાલાવી ભ્રષ્ટાચાર થયો હોવાનો ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહા સંઘના પ્રમુખ મુકેશ રાઠોડએ વિડીયો બનાવી સોશિયલ મીડિયામાં વાયરલ કરતા દાહોદ જિલ્લામાં શિક્ષણ જગતમાં ખડભડાટ મચી જવા પામ્યો.

નવી ટેકનીક કરી હોય તેમ શિક્ષકો પાસેથી ખુદ શિક્ષકો બની બેઠેલા કહેવાતા આગેવાનો વચેટિયા બની ફાઈલ દીઠ ચોક્કસ રકમનું ઉઘરાણું લેતાં હોવાનો આરોપ મૂક્યો છે. ખુદ એક શિક્ષકે વિડિયો થકી આરોપ મૂકતાં જણાવ્યું છે કે, અનેક લાચાર શિક્ષકોના ફોન આવી રહ્યા છે કે, પેન્શનની ફાઈલમાં, ઉચ્ચતરના કેસમાં અને એરિયર્સના કામોમાં ટીપીઓ કચેરીના બની બેઠેલા શિક્ષક નાણાં વગર કામ કરતાં નથી. અને નામ જોગ રમેશ સેલોત, ભુરિયા દિનેશ અને પટેલ રોહિત વિવિધ કામોના એજન્ટો બની તમામ ફાઈલો ટીપીઓ કચેરી માટે કામ કરતાં રહ્યાં છે.સંજેલી તાલુકાના શિક્ષણ જગતને શર્મસાર કરતાં આક્ષેપોનો વિડિયો ખુદ શિક્ષક દ્વારા વાઈરલ કરી જાહેર કરવામાં આવ્યો છે.